## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




જમવામાં ભીંડાનું શાકને રોટલી છે... અહી પીઝાનો ફોટો રાખ્યો છે... ડેડી જમવા બેસે ત્યાર માટે મેંગો મઠો અને ખમણનો ફોટો મૂકી દેજો...

# ...લોકો કાયદાને હાથમાં લેશે તો પોલીસ બળપ્રયોગ કરશે

ગાંધીનગર, તા. ૮

રાજ્યના પોલીસ વડા શ્રી શિવાનંદ ઝાએ કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે લૉકડાઉનના અમલમાં નાગરિકોનો-આગેવાનોનો મળી રહેલ વ્યાપક સહકાર બદલ સૌનો તંત્ર વતી આભાર વ્યક્ત કરતા કહ્યું કે, લૉકડાઉન દરમિયાન કેટલાક લોકો બેજવાબદારીપૂર્વક ફરી રહ્યા છે અને તેઓ પોતાના તથા અન્યના સ્વાસ્થ્યને જોખમ ઊભું કરી રહ્યા છે તેવા લોકો ચેતે, પોલીસ તેમની સામે પણ કડક કાર્યવાહી કરશે. લૉકડાઉનના અમલ દરમિયાન પોલીસ વિભાગની કામગીરીની વિગતો મિડીયાને આપતા શ્રી ઝાએ ઉમેર્યું કે અમદાવાદ શહેરમાં જે રીતે સંક્રમણ વધી રહ્યું છે તેવા સંજોગોમાં તંત્ર દ્વારા જે પગલાં લેવાઈ રહ્યા છે તેમાં નાગરિકો પૂરતો સહકાર આપે તે અપેક્ષિત છે. લોકોને મુશ્કેલી ન પડે તે માટે પોલીસ બંદોબસ્ત સાથે એન્ફોર્સમેન્ટ અને સર્ચની કામગીરી કરવામાં આવશે. કોરોનાના સંક્રમણને અટકાવવા અમદાવાદ શહેરના અમુક વિસ્તારો બંધ કરવામાં આવ્યા છે અને લોકોનું થર્મલ સ્કેનિંગ પણ કરાઈ રહ્યું છે. સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય તે હેતુથી શાકમાર્કેટ, જથ્થાબંધ માર્કેટના સ્થળો લોકોની સગવડ માટે બદલવામાં આવ્યા છે ત્યારે નાગરિકો પણ તેમાં સહયોગ આપે એ જરૂરી છે. શહેરના ક્લસ્ટર કન્ટેન્ટમેન્ટ વિસ્તારોમાં લોકોના આરોગ્યની ચકાસણી વધુ સઘન બનાવાશે. પોલીસ બંદોબસ્ત અપાયો છે અને જરૂર પડશે તો વધારવામાં આવશે. ઝાએ ઉમેર્યું કે લૉકડાઉનના ચુસ્ત અમલમાં જો નાગરિકો સહયોગ નહીં આપે અને જો કાયદો હાથમાં લેશે તો પોલીસ બળપ્રયોગ કરતાં પણ ખચકાશે નહીં, આગેવાનો ,શાંતિ સમિતિના સભ્યો, મોહલ્લા અને સોસાયટીના હોદ્દેદારો વગેરે ત્યાંના રહીશો સાથે ચર્ચા કરીને સહયોગ કરે તે જરૂરી છે. તેમણે ઉમેર્યું કે, શહેરો- નગરોમાં ડ્રોન સર્વેલન્સની કામગીરી સઘન બનાવવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના અધિક નિવાસી કલેકટર એચ.એન. જાડેજાએ આજે લૉકડાઉનને લઈ નવું જાહેરનામું પ્રસિધ્ધ કરેલ છે.
- ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ગઈકાલે આવેલ ૩ શંકાસ્પદ દર્દીના રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રએ રાહતનો દમ લીધો છે.
- ગાંધીનગર જિલ્લામાં લૉકડાઉનનો અમલ ગ્રામ્ય વિસ્તારમાં સ્વયંભૂ લોકો કરી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં આ ૧૨મી તારીખ સુધીમાં તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચી જશે તેવી આગાહી દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુયાનમાં કરવામાં આવી છે.
- સોજા જિલ્લા પંચાયતની સીટમાં આવતા આમજા ગામમાં અમરતભાઈ દેસાઈના ખેતરમાંથી પસાર થતી હાઈવોલ્ટેજ લાઈન ફોલ્ટ થતાં તુટી પડતાં ઘઉંનો પાક બળી ગયો છે. જીઈબીને આ અંગે જાણ કરી ખેડૂતને સહાય મળે તેવી રજુઆત જિલ્લા પંચાયત સદસ્ય જયેશભાઈ ચૌધરીએ સરકારમાં કરી છે.

## કોરોનાને કાબુમાં કરવા માટે યુવાન દ્વારા હવન કરાયો

શહેરના સેકટર-૧૩ બી પ્લોટ નં.૯૧૦-૨ ખાતે રહેતા અન્નપૂર્ણાબેન દવેના પુત્ર નિલકંઠ દવે દ્વારા મંગળવારને હાટકેશ જયંતિના રોજ બિલિના



વૃક્ષ નીચે હવન કરાયો હતો. વિશ્વભરમાં હાહાકાર મચાવનાર કોરોનાનો રોગચાળો કાબુમાં આવે તે માટે યુવાન દ્વારા હવન કરવામાં આવ્યો હતો. જો કે આ હવનમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે કોઈને પણ આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. યુવાન દ્વારા જ હવન કરવામાં આવ્યો હતો.



### જય અંબે પરિવાર દ્વારા મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં એક લાખનું દાન

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે રાજ્ય સરકારને મદદરૂપ થવાના હેતુસર જયઅંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રીશ્રીના રાહતફંડમાં રૂ. ૧ લાખનો ચેક અર્પણ કરાયો હતો. તસવીરમાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલને જયઅંબે પરિવારના અધ્યક્ષ લલીતભાઈ પટેલ ચેક અર્પણ કરી રહ્યા છે.

## ખેતી સેવાના ઓફિસર્સ એસોસીયેશન દ્વારા મુખ્યમંત્રી રાહત નિધીમાં ચૌદ લાખ અર્પણ

સમગ્ર રાષ્ટ્ર અને રાજ્ય નોવેલ કોરોના વાઈરસ-૧૯ના જોખમોનો સામનો કરી રહ્યુ છે અને રાજ્યમાં આ આફત સામે સરકારશ્રીનું ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તાબામાં રાજ્યમાં ફરજ બજાવતા તમામ રાજ્યપત્રિત અધિકારીઓના એસોસીયેશન દ્વારા આ મહામારીમાં



વહીવટીતંત્ર મુખ્યમંત્રીના સીધા માર્ગદર્શન હેઠળ ખભેખભા મિલાવીને મુકાબલો કરી રહ્યા છે. ત્યારે આ મુશ્કેલીના સમયમાં ખેતીવાડી ખાતાના ખેતી નિયામકશ્રી મદદરૂપ થવા માટે મુખ્યમંત્રીશ્રી રાહત નિધિમાં રૂ. ૧૪ લાખનો ચેક પુનમચંદ પરમાર, અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ)ની અધ્યક્ષતામાં મુખ્યમંત્રીને અર્પણ કરેલ છે.



ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ આજે માણસા તાલુકાના હોટ સ્પોટ જાહેર થયેલ વેડા અને ચડાસણા ગામની મુલાકાતે ગયા હતા. તેમણે વેડા આરોગ્ય કેન્દ્રની પણ મુલાકાત લીધી હતી એટલુ જ નહિ વેડા અને ચડાસણા ગામની શેરીએ શેરીએ ફરી લોકડાઉનના અમલને લઈ જાણકારી મેળવી હતી. તેમણે લોકોને સોશિયલ ડિસ્ટન્ટ જાળવવા માટે અપીલ કરી હતી. રાવલની સાથે તાલુકા વિકાસ અધિકારી સુશ્રી જયાબેન કાપડિયા, એ.ટી.ડી.ઓ બાબુભાઈ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર પણ તેમની સાથે જોડાયા હતા. ગામમાં દવાનો છંટકાવ થયો છે કે નહિ તેની પણ જાણકારી તેમને મેળવી આરોગ્યના કર્મયોગીઓ હેલ્થ સર્વે માટે આવે ત્યારે તેમને સહકાર આપવા પણ ગ્રામજનોને અપીલ કરી હતી.

## જેસીઆઈ દ્વારા નગરજનોનો જુસ્સો ટકાવી રાખવા ઓનલાઈન ટ્રેનિંગ

ગાંધીનગર, તા.૮

સમગ્ર વિશ્વ જ્યારે કોરોના વાયરસના કહેર સામે લડત આપી રહ્યું છે ઘણા નાગરીકો વર્ક ફ્રોમ હોમ કરી રહ્યા છે. જુનિ. ચેમ્બર ઈન્ટરનેશનલ ગાંધીનગર દ્વારા ટ્રેનિંગ ફ્રોમ હોમની પહેલ કરવામાં આવી છે. આવી પરિસ્થિતિમાં નાગરિકો ઘરે બેઠા તેમનો ઉત્સાહ ગુમાવી રહ્યા છે. આ સંજોગોમાં પણ પોતાના સપના પુરા કરી શકે અને તે માટેનો વિશ્વાસ અને ઉત્સાહ જળવાઈ રહે તે વાતને ધ્યાનમાં લઈ થ્રીડી ડ્રીમ, ડ્રેર અને ડીલીવર વિષય પર જેસી સુનિલ ગંગવાણી દ્વારા ઝૂમ એપ્લિકેશનના માધ્યમથી માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું.



કોરોના સામે પ્રજા માટે સતત કામગીરી કરતી જાગૃત ગુજરાત સરકારની કામગીરીમાં સહભાગી બનવા શ્રી લોદરા કેળવણી મંડળ, લોદરા, તા. માણસા જી.ગાંધીનગર દ્વારા માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં રૂ.૫,૧૧,૦૦૦નો ચેક નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સા. ને અર્પણ કર્યો. આ વખતે કેળવણી મંડળના પ્રમુખ વિઠ્ઠલભાઈ.એસ.પટેલ, મંત્રી એ.ડી.પટેલ, ઉપપ્રમુખ નાથાભાઈ પટેલ અને કેળવણી મંડળના બોર્ડ ઓફ ડાયરેક્ટરના સદસ્ય કેશુભાઈ પટેલ, રમેશભાઈ પટેલ અને એકાઉન્ટન્ટ ડાહ્યાભાઈ પટેલ હાજર રહ્યા હતા. શ્રી લોદરા કેળવણી મંડળ તેમજ લોદરાના સૌ ગ્રામજનોની આ કામગીરીને નાયબ મુખ્યમંત્રીશ્રીએ બિરદાવી હતી.

## રણાસણ ગામથી ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર તાલુકાના રણાસણ ગામે દરબાર વાસ તરફ જવાના માર્ગ પર ખુલ્લામાં જુગાર રમતા ચાર શકુની પોલીસના હાથે પકડાયા છે. પોલીસને જુગારીઓ પાસેથી દાવ અને અંગજડતી દરમિયાન કુલ રૂ.૨૭૫૦ મળી આવ્યા હતા. ડભોડા પોલીસે બાતમીને પગલે પોલીસે રેડ પાડીને ઠાકોરવાસમાં રહેતા કિરણભાઈ ભીખાભાઈ ઠાકોર, દરબાર વાસમાં રહેતા ગોપાલસિંહ ભવાનસિંહ ગોહિલ, વિક્રમસિંહ રામસિંહગોહિલ, અને જયદિપસિંહ રજુજી ગોહિલને જુગાર રમતા પકડી પાડ્યા હતા.

ઘરમાં રહો, સુરક્ષિત રહો

સત્યમેવ જયતે ગુજરાત સરકાર

આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

કોરોના વાયરસથી લોકડાઉનની સ્થિતિમાં

રાજ્યમાં ૬૬ લાખ અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને એપ્રિલ મહિનામાં સફળતાપૂર્વક વિનામૂલ્યે અન્નના વિતરણ બાદ ૬૦ લાખથી વધુ મધ્યમવર્ગીય પરિવારોના હિતમાં રાજ્ય સરકારનો અભૂતપૂર્વ નિર્ણય



રાજ્યમાં પ્રથમવાર APL-1 રેશનકાર્ડ ધરાવતા

અઢી કરોડથી વધુ લોકોને એપ્રિલ માસનું અનાજ વિનામૂલ્યે અપાશે



રાજ્યમાં સૌ પ્રથમવાર ૬૦ લાખથી વધુ APL-1ના કાર્ડધારકો એવા મધ્યમવર્ગીય પરિવારો કે જેઓને NFSA અંતર્ગત અનાજ મળતું નથી, તેવા કુટુંબોને એપ્રિલ માસમાં ૧૦ કિ.ગ્રા. ઘઉં, ૩ કિ.ગ્રા. ચોખા, ૧ કિ.ગ્રા. દાળ અને ૧ કિ.ગ્રા. ખાંડ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનેથી વિનામૂલ્યે આપવામાં આવશે

રાજ્ય સરકાર દ્વારા ૪થી એપ્રિલ સુધીમાં ૬૬ લાખ અંત્યોદય અને અગ્રતા ધરાવતાં પરિવારોને ઘઉં, ચોખા, દાળ, મીઠું અને ખાંડ વિનામૂલ્યે પુરુ પડાયું

૩.૪૦ લાખથી વધુ Non-NFSA BPL પરિવારોને પણ NFSA ધોરણે એપ્રિલ માસમાં ઘઉં, ચોખા, દાળ, ખાંડ અને મીઠું નિયમાનુસાર વિનામૂલ્યે પુરુ પાડવામાં આવ્યું



રાજ્યમાં અત્યંત ગરીબ, શ્રમજીવી, અન્ય પ્રાંત-રાજ્યના શ્રમિકો જે રેશનકાર્ડ ધરાવતા નથી તેવા આશરે ૫ લાખ વ્યક્તિઓને પણ અન્નબ્રહ્મ યોજના અન્વયે પ્રવર્તમાન સ્થિતિમાં વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની અપીલ

"રાજ્યમાં APL-1 કાર્ડ ધરાવતા સુખી-સંપન્ન પરિવારો સ્વૈચ્છિક રીતે પોતાનો અધિકાર જતો કરીને, જરૂરિયાતમંદોને અનાજનો જથ્થો સત્વરે મળે તે માટે હેવ એન્ડ હેવનોટની ખાઈ પૂરવાનું સામાજિક દાયિત્વ અદા કરે"

કોરોના વાયરસથી બચવા ઘરમાં જ રહીએ અને સોશ્યલ ડિસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત